ખાસ જરૂરી

ક્રમાંક:ક-૨/સ્કો/૨૦૨૧/૧૦૫-૧૩૯
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં:૯/૧,ડૉ.જે.એમ.ભવન,
ગાંધીનગર
તા.૭/૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા- તમામ

વિષય:- અનુસુચિત આદિજાતિનાં વિદ્યાર્થીઓ માટેની ભારત સરકાર/રાજ્ય સરકારની પોસ્ટ-મેટ્રીક સ્કોલરશીપ યોજનાઓની વર્ષ:૨૦૨૧-૨૨ માટે અરજી ડિઝીટલ ગુજરાત પોર્ટલ મારફત સમયમર્યાદામાં કરવા બાબત.

સંદર્ભ:- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ ગાંધીનગરના તા.૨૫/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંક: નં./આવિ/શિક્ષણ/ફા.નં.૧૨૮૪/૨૦૨૧/૧૦૨૮

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુસુચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ માટેની ભારત સરકાર/રાજ્ય સરકારની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ઓનલાઇન ડિઝીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. સદરહું યોજનાઓ માટે અરજીઓ મંગાવવા માટે સંદર્ભદર્શિત જાહેરાતથી ૨૦ દિવસ માટે (તા.૨૬/૧૦/૨૦૨૧ થી તા.૧૪/૧૧/૨૦૨૧) પોર્ટલ OPEN કરવા જાહેરાત આપેલ છે. આ યોજનાઓમાં અનુસુચિત આદિજાતિનાં વિદ્યાર્થીઓને તેમની ઉચ્ચ કારકીર્દી બનાવવામાં મહત્તમ લાભ નિયત સમયમર્યાદામાં મળી રહે તે હેતુથી અત્રેની તાબા હેઠળની તમામ શાળાઓમાં ધોરણ ૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિ શિષ્યવૃતિ માટે વિદ્યાર્થીઓ પાસેથી કેટલી અરજીઓ કરવામાં આવી તેની વિગતો સહિતનો વિસ્તૃત અહેવાલ અત્રે મોકલી આપવો તેમજ આ કામગીરી બિડાણમાં સામેલ સમયમર્યાદામાં પૂર્ણ કરી અત્રે મોકલી આપશો.

પરિપત્ર નબર :....837........

ક્રમાંક:યજન/અનુસુચિતઆદિ/શિષ્યવૃતિ/૨૦૨૧/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૧૫/૧૨/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી / આચાર્યાશ્રી,
આ જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ.
જિ.અમરેલી

-/ ઉપરોક્ત પત્ર અન્વયે યોગ્ય યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ.અમરેલી

૨

તાત્કાલિક/ટોચ અગ્રતા/સમયમર્યાદા.

ગુજરાત રાજ્ય
ક્રમાંક શાખા ..........
આ.નં. 2044

નં./આવિ/શિક્ષણ/ફા.નં.૧૨૮૪/ ૨૦૨૧/ 1048
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી,
બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ
ગુજરાત રાજય, ગાંધીનગર
તા. 25/૧૦/૨૦૨૧

પ્રતિ,
કમિશ્નરશ્રી,
કમિ. શાળાઓની કચેરી,
બ્લોક-૯ , પહેલો માળ,
જુના સચિવાલય, ગાંધીનગર.

વિષય:- અનુસુચિત આદિજાતિનાં વિદ્યાર્થીઓ માટેની ભારત સરકાર/ રાજ્ય સરકાર પોસ્ટ-મેટ્રીક સ્કોલરશીપની યોજનાઓની વર્ષ:૨૦૨૧-૨૨ માટે અરજી ડીઝીટલ ગુજરાત પોર્ટલ મારફત સમયમર્યાદામાં કરવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૨૫/૧૦/૨૦૨૧ના પત્રક્રમાંક નં./આવિ/શિક્ષણ/ફા.નં.૧૧૭૨(ભા-૨) / ૨૦૨૧/૧૦૨૬

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુસુચિત આદિજાતિનાં વિદ્યાર્થીઓ માટેની ભારત સરકાર/રાજ્ય સરકારની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અમલ ઓનલાઇન ડિઝીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. સદરહું યોજનાઓ માટે અરજીઓ મંગાવવા માટે સંદર્ભદર્શિત જાહેરાતથી ૨૦ દિવસ માટે (તા.૨૬/૧૦/૨૦૨૧ થી તા.૧૪/૧૧/૨૦૨૧) પોર્ટલ OPEN કરવા જાહેરાત આપેલ છે. આ યોજનાઓમાં અનુસુચિત આદિજાતિનાં વિદ્યાર્થીઓને તેમની ઉચ્ચ કારકીર્દી બનાવવામાં મહત્તમ લાભ નિયત સમયમર્યાદામાં મળી રહે તે હેતુથી આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં ધો:૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ નિયત સમયમર્યાદામાં તાત્કાલિક ફોર્મ ભરી શકે તે માટે આપની કક્ષાએથી સંસ્થાને જરૂરી સુચનાઓ પ્રસિધ્ધ થવા પ્રબંધ થવા વિનંતી છે.

કમિશ્નર
આદિજાતી વિકાસ
ગુજરાત રાજય,ગાંધીનગર

શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર
23 NOV 2021
આવક નં.: 24752
શાખા :
કાર્યની ગાદી :